જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૦/૧૫**

### મુંબઇ થી ચાર વર્ષના બાળકનુ અપહરણ કરનાર ઇસમને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

ગઇ તા.૧૭/૦૧/૨૦૧૫ ના રોજ સાંજના સમયે મહારાષ્ટ્ર થાણે ખાતે મહાત્મા ફુલેચોક પોલીસ સ્ટેશનમાં એક બાળક નામે રામેશ્વર ઉવ.૪ નુ અપહરણ થયેલાનો ગુન્હો દાખલ થયેલ હતો જેમાં અપહ્રત બાળક બાબતે ખાનગી બાતમી હકિકત મળતાં આ બાળક ઇસનપુર ખાતે આરોપીની બહેનના ઘરેથી મળી આવતાં બાળકને શેફ કસ્ટડીમાં લઇ ગઇ કાલ તા.૧૯/૧/૨૦૧૫ ના રોજ મહારાષ્ટ્ર પોલીસને સોંપવામાં આવેલ હતો.અને અપહરણ કરનાર આરોપી નાશી છુટેલ.

ઉપરોક્ત અપહરણ કરનાર આરોપીની તપાસમાં રહેવા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએઆપેલ સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે.એન.પટેલ સાયબર ક્રાઇમ સેલ નાઓની દોરવણી હેઠળ સાયબર ટેરરીઝમ સ્કવોડના પો.ઇન્સ.શ્રી કિરણ પટેલ નાઓની ટીમના પો.સ.ઇ શ્રી આર.એસ.સુવેરા તેઓના સ્કવોડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ચોકકસ બાતમી હકિકત આધારે વટવા ખાતે ગેબનશાપીરની દરગાહ પાસેથી એક ઇસમ રાજુ વિશ્વંભર પાન્ડે ઉવ.૩૮ રહે.ગૌરીપાડા ગામ મિલીંદનગર તળાવની પાસે કલ્યાણ થાણે મહારાષ્ટ્ર મુળ વતન ગૌતમપુર તા.કરબી જિ.ચિત્તકુટધામ કરબી ઉત્તરપ્રદેશ યુ.પી.નાને તા.૨૦/૧/૨૦૧૫ ના રોજ પકડી પાડેલ છે.

આરોપીની પુછપરછ કરતાં તેણે ગઇ તા.૧૭/૦૧/૨૦૧૫ ના રોજ તેના ગામનો વતની અને કોન્ટ્રાકટર અશોક ઉર્ફે પંડીતજી છત્રપાલ પાન્ડે જે સુભમ પાર્ક કલ્યાણ થાણે ખાતે રહે છે તેનો સૌથી નાનો છોકરો રામેશ્વર ઉવ.૪ નુ તેના ઘર આગળથી અપહરણ કરેલાની કબુલાત કરેલ છે અને આ આરોપીની ઉડાણપુર્વક પુછપરછ કરતાં પોતે માર્બલ ફીંટીંગનુ કામ કરે છે અને પોતાની પત્ની રમા સાથે કલ્યાણ થાણે મહારાષ્ટ્ર ખાતે રહે છે. આ અપહરણ થયેલ બાળકના પિતા અશોક ઉર્ફે પંડીતજી આરોપીના મૂળ વતન ઉત્તરપ્રદેશનો જ છે અને પોતાની પડોશમાં રહેતો હોય અને મારબલના કોન્ટ્રાકટર હોય તેને આરોપીની પત્ની સાથે આડા સંબંધો હોવાની શંકાના કારણે આરોપીને તેની પત્ની રમા સાથે અણબનાવ થયેલ અને આ પંડીતજી તથા તેનો સૌથી મોટો દિકરો દિગંબર જે ઉવ.૧૮ થી ૨૦ નો છે તે પણ આરોપીની પત્નીને ચઢામણી કરતો હોય અને તેણે પણ આરોપીની પત્ની સાથે આડા સંબંધો હોવાની શંકા હોય અને આ સંબંધોના કારણે આરોપીના લગ્ન જીવનમાં ભંગાણ પડેલ હોય અને આરોપીની પત્ની રીસાઇને તેના પિયરમાં જતી રહેતાં પોતે એકલો અટુલો પડી ગયેલ જેથી આ બધુબનવા પાછળ પંડીતજી તથા તેનુ કુટુંબ જ્વાબદાર હોય તેઓને સબક શિખવાડવાના આશયથી પંડીતજીના દિકરાનુ અપહરણ કરેલાનુ જણાવેલ છે.

**મહેસાણા, ડીસા હાઇવે વિસ્તારમા સ્કોર્પીયો ગાડીમા પેસેન્જર તરીકે બેસાડી પેસેન્જની નજર ચુકવી પેસેન્જરના બેગમાંથી સોના-ચાંદીનાં દાગીનાં તથા રોકડ રકમની ચોરી કરતી ગેંગના ત્રણ સાગરીતને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં જોઇન્ટ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા નાઓનાં માર્ગદર્શન અને સુપરવિઝનમાં કામ કરતા તેઓનાં સ્કોડનાં પોલીસ સબ ઇસ્પેકટર આર.આઇ. જાડેજા, એસ.બી. ઝાલા, તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે આસ્ટોડીયા ઢાળની પોળ પાસેથી આરોપીઓ (૧) સાદાબઆલમ S/O વાજુદીન અલીમુદીન જાતે અંન્સારી ઉવ.૨૪ રહે, અલીફનગર, ભાડાનાં મકાનમાં, અલકુબા મસ્જીદ પાસે, વટવા કેનાલ વટવા અમદાવાદ શહેર મુળગામ:- બઘાલા પોસ્ટ- પખાનપુર તા. નગીના જી. બિજનોર (યુ.પી.) (૨) તાજુદીન S/O મહમદઅસલમ મહમદસત્તાર જાતે અંન્સારી ઉ.વ. ૨૩ રહે, અલીફનગર, ભાડાનાં મકાનમાં, અલકુબા મસ્જીદ પાસે, વટવા કેનાલ વટવા અમદાવાદ શહેર મુળગામ:- બઘાલા પોસ્ટ- પખાનપુર તા. નગીના જી. બિજનોર (યુ.પી.) (૩) એઝાજએહમદ S/O મહમદરમજાની મહમદકબીરા જાતે અંન્સારી ઉ.વ. ૨૭ રહે, અલીફનગર, ભાડાનાં મકાનમાં, અલકુબા મસ્જીદ પાસે, વટવા કેનાલ વટવા અમદાવાદ શહેર મુળગામ:- બઘાલા પોસ્ટ- પખાનપુર તા.નગીના જી. બિજનોર (યુ.પી.) નાઓને ચોરીના મુદામાલ સોનાની ચેઇન નંગ-૧ તથા સોનાની બુટી જોડ-૧ તથા સોનાની કાનસેર જોડ-૧ તથા સોની કંપનીનો કેમેરો નંગ-૧ મળી કુલ્લે રૂ.૧,૭૬,૩૨૦/- ના મુદામાલ સાથે પકડી અટક કરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા જણાવેલ કે આજથી એક મહીના પહેલા સાબાદઆલમ તથા સીદીક અલાબક્ષ તથા રાહુલ તોમર તથા તાજુદીન તથા એજાદ તથા એક બહેન નામે શબ્બો નાઓ સાથે જહીરની સફેદ કલરની સ્કોર્પીયો GJ-2-BD-8066 ની લઇ સવારના નવેક વાગ્યાના અરસામા મહેસાણા હાઇવે મોઢેરા હાથ જોડેલ સર્કલ પાસેથી એક માણસ શુટ્કેશ લઇને ઉભો હોય જેને પેસેન્જર તરીકે સ્કોર્પીયોમા બેસાડેલા અને પાટણવાળા રોડ તરફ ૩ થી ૪ કિલોમીટર દુર છોડી મુકેલ અને શુટ્કેશમાથી રૂ.૪૫૦૦૦ રોકડા ની ચોરી કરી લીઘેલ અને પરત અમદાવાદ આવી ગયેલ

ગઇ તા.૮/૧૨/૨૦૧૪ નારોજ સાબાદઆલમ તથા સીદીક અલાબક્ષ તથા રાહુલ તોમર તથા તાજુદીન તથા એજાદ નાઓ સાથે જહીરની સફેદ કલરની સ્કોર્પીયો GJ-2-BD-8066 ની લઇ ચાર વાગ્યાના અરસામા ડીસા હાઇવે પાસેથી એક પતિ પત્ની તથા એક છોકરી નાઓને પેસેન્જર તરીકે સ્કોર્પીયોમા બેસાડેલા અને થરાદ વાળા રોડ તરફ ૩૦ થી ૪૦ કિલોમીટર દુર છોડી મુકેલ અને શુટ્કેશ તથા થેલામાથી સોનાના દાગીનામા એક સોનાનો હાર તથા સોનાની એક જોડ બુટી તથા એક સોની કંપનીનો કેમેરો તથા રોકડા રુ.૧૫૦૦૦ રોકડા ની ચોરી કરી લીઘેલ અને પરત અમદાવાદ આવી ગયેલ

પકડાયેલ આરોપીઓ એક જ ગામના રહેવાસી છે.અને બેકરીના ધધા સાથે સંકળાયેલ છે. અગાઉ સને ૨૦૧૨ ની સાલમા ઓટોરીક્ષામા પેસેન્જરોના સ્વાંગમા બેસી પેસેન્જરોના માલસામાન માંથી રોકડ રકમ તથા કિંમતી દાગીનાની ચોરી લુંટ કરવાના ગુનામાં મહેસાણા તાલુકા પો.સ્ટે.મા પકડાયેલ છે. અને આવા બીજા કેટ્લા ગુનાઓ આચરેલ છે. તે દીશામા તપાસ તજવીજ હાથ ધરવામા આવેલ છે.

**<u>વટવા પો.સ્ટે. :-</u>**

(૧).વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૨૫૭/૧૪ ઇ.પી.કો કલમ ૩૬૩, ૩૭૬ડી, ૫૦૬(૧).,૧૧૪ મુજબના ગુન્હાના કામે આરોપી (૧).પિંટુ સ/ઓ બ્રહ્માદીન @ બીરમાજી લોધી ઉ.વ.૨૪ રહે.પન્હર જી.ઔરૈયા ઉત્તરપ્રદેશ ને ઉપરોક્ત ગુન્હામાં સીની.પો.ઇન્સ.શ્રી એચ.જે.ચૌધરી સા. નાઓએ તા.૧૯/૦૧/૨૦૧૫ ના ક.૧૭/૦૦ વાગે અટક કરી  કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૨). વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૭/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજ્બના કામના આરોપી ઉત્કર્ષ રોહીતભાઇ પંડ્યા ઉ.વ.૨૩ સિધ્ધેશ્વર પાર્ક સોસા. નિગમ સોસાયટી રોડ ઘોડાસર અમદાવાદ નાને ઉપરોક્ત ગુન્હાના કામે પો.સ.ઇ એચ.જે.ચૌધરી નાઓએ તા.૧૯/૦૧/૨૦૧૫ ના ક.૨૧/૧૫ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.હાલમાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.